વર્ષોથી જાહેરજીવન સાથે સંકળાયેલા જનસાધારણના પાયાના પ્રશ્નોની ઊંડી સમજ ધરાવતા લોકનેતા તથા સાબરકાંઠાના ઈડરની કોલેજમાં અર્થશાસ્ત્રનું અધ્યાપન કરતાં કરતાં સમાજસેવા તરફ વળીને રાજયના શિક્ષણમંત્રી તથા આરોગ્યમંત્રી તરીકે સેવાઓ આપી ચુકનાર ડૉ. કરસનદાસ સોનેરીના જીવનકવન આધારિત પુસ્તક 'ઈડરિયા ગઢનો અજવાસ'નું વરિષ્ઠ પત્રકાર પ્રકાશ ન. શાહની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ, કવિ ડૉ.દલપત પઢિયાર, સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, પુસ્તકની પરિકલ્પના અને શબ્દાંકન કરનાર ભાનુપ્રસાદ પુરાણી તથા પરામર્શક રમણ વાઘેલા સહિત અનેક સર્જકો-સાહિત્યકારો તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ.વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

સોનીપુર-સરઢવ માર્ગ પરથી વિદેશી દારુ ભરેલી ઈકો ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા સોનીપુર-સરઢવ માર્ગ પર જનતાનગર પાસેથી વિદેશી દારુ ભરેલી ઈકો ગાડી પોલીસના હાથે ઝડપાઈ છે. પોલીસે કારમાંથી ૩૫ નંગ બોટલ કિં.રૂ.૧૩,૩૩૫ તેમજ ઈકો કાર કિં.૩ લાખ મળીને કુલ રૂ. ૩,૧૩,૩૩૫ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા અ.ગે.કો.મુકેશકુમાર રમણભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે સોનીપુરથી સરઢવ જનતાનગર માર્ગ પર એક વિદેશી દારુ ભરેલી સફેદ કલરની ઈકો નં.જી.જે.૧૮.બી.એલ.-૧૦૨૭ પસાર થવાની છે. જેથી પેથાપુલ પોલીસ વોચમાં હતી તે દરમિયાન ઈકો ગાડીના ચાલકે પોલીસને જોઈને ગાડી દોડાવી મુકી હતી. જેથી પોલીસે તેનો પીછો કરતા ઈકો કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર માર્ગની બાજુમાં ઝાડ સાથે અથડાવી હતી. જયારે કાર નો ચાલક તે મુકીને ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે કાર અને દારુ મળી કુલ રૂ. ૩,૧૩,૩૩૫ નો મુદ્દામાલ કબ્જે કરી ફરાર ચાલક સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

સાઇબર ક્રાઇમ ડિપાર્ટમેન્ટના ડીસીપી ડો. રાજદીપસિંહ ઝાલાને ઇ-રક્ષા અવોર્ડ

નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરો દ્વારા ક્રાઇમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ (સીસીટીએનએસ) હેકાથોન અને સાઇબર ક્રાઇમ ચેલેન્જ – ૨૦૨૦ અંતર્ગત સીસીટીએનએસ આઇડિયાથોન અને ઇ-રક્ષા અવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇ-રક્ષા અવોર્ડમાં અમદાવાદ શહેરના સાયબર ક્રાઇમ ડિપાર્ટમેન્ટના ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. આ અવોર્ડ તેમને તેમના ઇન્કમ ટેક્સ ફ્રોડ અને આઇઆરયુ ઉપરના કાર્યો માટે આપવામાં આવ્યો છે. દિલ્હી ખાતે ૧૨ માર્ચના રોજ યોજાયેલા નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યૂરો ઉપમાં સ્થાપના દિવસે આયોજિત કાર્યક્રમમાં ડીસીપી ડૉ.રાજદીપસિંહ ઝાલાને ઇ-રક્ષા અવોર્ડથી સન્માનીત કરાયા હતા.

શાહપુર પાસે માર્ગ અકસ્માતમાં એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ધનસુરા ખાતે ફુટના વેપારીને મળીને કલોલ આવી રહેલા બે કૌંટુબિક ભાઈઓને શાહપુર પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં રાજસ્થાનના શિરોહી નજીક બર્લુટ ખાતેથી આવેલા ૩૨ વર્ષિય પ્રકાશ હંસારામ રાજપુરોહિતનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. શાહપુર મહાકાળી માતાજીના મંદિર પાસે ગતરોજ રાત્રીના સુમારે જયુપીટર સ્લીપ થઈ જતા બંન્ને ભાઈઓ માર્ગ પર પટકાયા હતા. તે સમયે શાહપુર તરફથી આવી રહેલ અજાણ્યા વાહનની ટક્કર પ્રકાશભાઈને વાગી હતી અને વાહન શરીર પરથી પસાર થઈ જતા ઘટના સ્થળે જ તેમનુ કમકમાટીભર્યુ મૃત્યું નિપજયુ હતું.

ગોરધન ચુનીલાલ રાજપુરોહિતે ફરીયાદમાં જણાવ્યા મુજબ (ઉં.વ.૪૧ રહે. મકાન નં.૩ મિલકામદાર સોસાયટી શ્રીનગર કલોલ, મુળ રહે. બર્લુટ તા.જી. શિરોહી રાજસ્થાન) પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. કલોલ વેપારી જીન ખાતે રાધે સાડી હાઉસ નામની દુકાન ચલાવી વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવુ છું.ગતરોજ સવારના સાડા નવ વાગ્યાના અરસામાં મારા કૌંટુબીક ભાઈ પ્રકાશ હંસારામ રાજપુરોહિત અમારા ગામ થી કલોલ મારા ઘેર મને મળવા માટે આવ્યા હતા. જમી પરવારીને મારા ભાઈ પ્રકાશે મને કહ્યું કે મોડાસા પાસે ધનસુરા ખાતે એક ફુટના વેપારીને મળવા માટે જવુ છે, તો તમે મારી સાથે આવો. જેથી અમે બંન્ને કૌંટુબિક ભાઈઓ જયુપીટર નં.જી.જે.૧૮. સી.પી.-૯૬૪૮ લઈ બપોરના બાર વાગ્યાના અરસામાં કલોલ થી ધનસુરા જવા માટે નીકળ્યા હતા ધનસુરા પહોંચીને પ્રકાશભાઈ વેપારીને ધનસુરા ચોકડી ખાતે મળ્યા હતા. અમે ચાર વાગ્યાના અરસામાં કલોલ આવવા માટે નીકળ્યા હતા. જયુપીટર વારાફરતી અમે બંન્ને ભાઈઓએ ચલાવ્યું હતું. ચિલોડા ચા-પાણી કરીને કલોલ જવા નીકળ્યા તે સમયે જયુપીટર પ્રકાશભાઈ ચલાવતા હતા અને ફરીયાદી પાછળ બેઠા હતા.લવારપુર બ્રિજ નીચેથી ગાંધીનગર તરફ જઈ રહ્યા હતા તે સમયે આશરે નવ વાગ્યાના અરસામાં શાહપુર ગામ પાસે મહાકાળી મંદિર નજીક વળાંકમાં જયુપીટર સ્લીપ ખાઈ જતા બંન્ને ભાઈઓ માર્ગ પર ફંગોળાઈ ગયા હતા. શાહપુર તરફથી અજાણ્યુ મોટુ વાહન પુરઝડપે આવ્યું હતું. પ્રકાશભાઈને ટક્કર મારી તેની ઉપરથી વાહન પસાર થઈ જતા ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે તેમનું મૃત્યુ નિપજયુ હતુ. ફરીયાદીને નાકના ભાગે તેમજ જમણા હાથે પંજા ઉપર શરીરે બેઠો માર વાગતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.

અતિતની આજ

● **ચોથા પાનાનું ચાલુ**

" કૌરવ કૌન... કૌન પાંડવ,
ટેઢા સવાલ હૈ.
દોનોં ઓર શકુનિ ... કા ફૈલા
ફૂટ જાલ હૈ.
ધર્મરાજ ને છોડી નહીં
જુએ કી લત હૈ.
હર પંચાયત મેં... પાંચાલી
અપમાનિત હૈ.
બિના કૃષ્ણ કે આજ
મહાભારત હોના હૈ,
કોઈ રાજા બને,
રંક કો તો.

થિયેટર બંધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જો કે શિક્ષકો અને સ્ટાફે ઓફિસમાં હાજર રહેવું પડશે તેવો પણ આદેશ સરકારે કર્યો છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા રાબેતા મુજબ ચાલુ રહેશે તેવું પણ જણાવવામાં આવ્યું હતું. સાથે જ આરોગ્ય કમિશનરે લોકોને સાવચેત રહેવા અને ભીડભાડવાળી જગ્યાઓએ ન જવા માટે લોકોને સૂચન કર્યું હતું.

જયપુર પહોંચ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દરમ્યાન કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ આજે સાંજે અમદાવાદ આવી પહોંચ્યા છે અને ડ્રેમેજ કંટ્રોલની કામગીરી કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવી છે. એવી પણ વાતો ચર્ચાઈ રહી છે કે કોંગ્રેસ પક્ષ દ્વારા એક ઉમેદવારની ઉમેદવારી પાછી ખેંચવામાં આવે તેવી શક્યતાઓ છે.

એક જ મત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાડવો પડે. કોંગ્રેસ પાસે હાલ ૭૩ ધારાસભ્યો છે. જો ૭૩માંથી ૫ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હોય તો તેનું સંખ્યાબળ ઘટીને ૬૮ થઈ જાય અને કોંગ્રેસના ૨ ઉમેદવારને જીતવા માટે ૩૫ ગુણ્યા ૨ એટલે કે ૭૦ મત જોઈએ. પરંતુ ૬૮ જ મત હોવાથી કોંગ્રેસના એક ઉમેદવારને ઘેર જવાનો વારો આવી શકે. રાજયસભાના ગણિત પ્રમાણે વિધાનસભાના કુલ સભ્ય સંખ્યાને ઉમેદવારની સંખ્યાથી ભાગાકાર કરવો પડે અને જે રકમ આવે એટલા મતની જીતવા માટે જરૂર પડે. તે જોતા વિધાનસભામાં હાલ કુલ ૧૮૦ ધારાસભ્યો છે. જ્યારે પાંચ ઉમેદવાર મેદાનમાં છે. આ ગણિત મુજબ એક ઉમેદવારને ૩૭ મત મળે તો ઉમેદવાર જીતી શકે તેમ હતા. પરંતુ કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યા હોય તો કુલ સભ્ય સંખ્યા ૧૭૫ની થાય એટલે ૧૭૫ ભાગ્યા પાંચ કરવામાં આવે તો જીતવા માટે ૩૫ મત જોઈએ. આમ, હવે કોંગ્રેસ માટે રાજયસભાની ચૂંટણી પહેલાં હાલત ભારે કફોડી અને લાચારીભરી જણાઈ રહી છે.

ઈમરજન્સી ફંડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મોદીએ કોરોના વાયરસનો સામનો કરવા લેવામાં આવી રહેલા પગલા અંગે માહિતી આપી હતી. ગ્રેડેડ રિસ્પોન્સ મિકેનિઝમ પણ આમા સામેલ છે. જાન્યુઆરીથી ભારતમાં આવનાર લોકોની ચકાસણી થઈ રહી હતી. ધીમે ધીમે યાત્રા ઉપર પ્રતિબંધ મુકાયા હતા. ટીવી, પ્રિન્ટ અને સોશિયલ મિડિયા ઉપર જુદા જુદા અભિયાન ચાલી રહ્યા છે.

બેકફુટ પર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સાથે સાથે જેનો સંપર્ક થઈ શક્યો નથી, તેઓ પણ નવાજૂની કરવાના મૂડમાં છે. એકાદ બે સૌરાષ્ટ્રના અને મધ્યગુજરાતના પણ બેક ધારાસભ્યો છે. બે ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે અને બેની વાત છે, સંપર્ક થતો નથી. રાહ જોવામાં આવી રહી છે. સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ધારાસભ્યો રાજીનામું આપશે. જ્યારે સોમાગાંડા પટેલને લઈ સૂચક નિવેદન આપતા કહ્યું કે પહેલા પણ સાથે હતા અને ભવિષ્યમાં પણ સાથે હોઈશું. આમ, કોંગ્રેસના એક પછી એક ધારાસભ્યો તૂટતાં હવે રાજયસભાની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થાય તેવા રાજકીય સંજોગોમાં સામે આવી રહ્યા છે, જેને લઈ કોંગ્રેસની છાવણીમાં સોપો પડી ગયો છે. રાજયસભાની ચૂંટણી જીતવા ભાજપે પણ તમામ તાકાત લગાવી દીધી છે. ભાજપે રાજયસભાના ઉમેદવાર તરીકે બુધવારે અભય ભારદ્વાજ અને રમીલાબેન બારાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમીનના નામની પણ જાહેરાત કરી હતી. ત્રણેય ઉમેદવારની જીતના દાવા ભાજપના વરિષ્ઠ લોકો કરી રહ્યા છે. મંત્રી બાવળિયા કહી ચુક્યા છે કે તેમની પાસે પણ કોંગ્રેસી સભ્યોના રાજીનામાના અહેવાલ આવ્યા છે.

વધુ રાજીનામા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રાજયસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા માટે ભાજપે શરૂ કરેલા પ્રયાસોને ધ્યાનમાં રાખી કોંગ્રેસના ૧૪ ધારાસભ્યોને જયપુર લઈ જવાયા છે. કોંગ્રેસ છાવણીમાં કેટલીકરીતે દહેશત છે. કારણ કે, કેટલાક ધારાસભ્યોના કોલ બંધ આવી રહ્યા છે, લોકેશન મળી રહ્યા નથી. દરમિયાન કોંગી ધારાસભ્ય અક્ષય પટેલે જણાવ્યું હતું કે, ભાજપે બે દિવસ પહેલા મારો સંપર્ક કર્યો હતો, ભાજપ મારી શરતો માને તો ભાજપમાં જોડાવવા તૈયાર છું. કરજણના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના નેતા સતીષ નિશાળિયા સામે પગલાં ભરો તો ભાજપમાં જોડાવવા તૈયાર છું. દિલ્હીમાં જંબુસરના ધારાસભ્ય સંજય સોલંકી સાથે અહમદ પટેલને મળીશ. અગાઉ ધારાસભ્ય અક્ષય પટેલે જણાવ્યું હતુ કે, એવું કઈ નથી, હું ક્યાંય જવાનો નથી. હું જયપુર જવાનો નથી. હાલ હું વડોદરામાં છું અને મારે એક બે કામ હોવાથી દિલ્હી જવાનો છું. પરંતુ બપોર બાદ તેઓ શરતો સાથે ભાજપમાં જોડાવા તૈયાર થઈ ગયા છે. કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને જંબુસરના ધારાસભ્ય સંજયસિંહ સોલંકી સાથે વડોદરાથી દિલ્હી અંગત કામે જઈ રહ્યા હોવાની વાત સામે આવી હતી.

શાળા-કોલેજો બંધ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આદેશ કરાયો છે.મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનિ પટેલે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજીને રાજયમાં આરોગ્યલક્ષી સ્થિતિની સમીક્ષા કરી હતી. મુખ્ય સચિવ અનિલ મુકિમ અને આરોગ્ય અગ્ર સચિવ ડો જયંતિ રવિએ આ બેઠકની વિગતો આપતા જણાવ્યુ હતુ કે ગુજરાતમાં કોરાના વાયરસ સામે તકેદારી અને સાવચેતીના આગોતરા પગલા રૂપે રાજય સરકારે કેટલાક મહત્વના નિર્ણયો કર્યા છે. રાજયમાં શાળા કોલેજો શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય આજથી બે અઠવાડીયા સુધી બંધ રહેશે. અલબત્ત તા ૧૬ થી ૨૯ માર્ચ સુધી શાળા કોલેજોમાં તેમજ ટયુશનના વર્ગોમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. જયારે હાલમાં બોર્ડ પરીક્ષા ચાલી રહી છે. તે યથાવત રહેશે. જયારે આ સિવાય શાળા કક્ષાએ પણ હવે પરીક્ષાની મોસમ છે ત્યારે પરીક્ષા અંગે શિક્ષણ સચિવ વિનોદ રાવે જણાંવ્યુ હતુ કે ૩૦ મી તારીખ બાદ જ શાળા કોલેજોમાં પરીક્ષાનુ આયોજન કરવામાં આવશે. કોરોના ઈફેક્ટના લીધે નગરની કેટલીક પ્રિ સ્કુલો એક દિવસ અગાઉથી જ વેકેશન જાહેર કરી દીધુ છે. અલબત્ત બે અઠવાડીયા સુધી પ્રિસ્કુલ પણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જયારે આજે મળેલી ઉચ્ચ સ્તરિય બેઠકના અંતે જિલ્લાની તમામ શાળાઓ બંધ રાખવા નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સહીત ૩૫૦ અને જિલ્લાની ૬૫૦ પ્રાથમિક શાળાઓ પણ બંધ રહેશે. આ ઉપરાંત આશ્રમ શાળાઓ અને પ્રિસ્કુલ સહીત અંદાજિત ૧૧૦૦ શાળાઓમાં શૈક્ષણિક કામગીરી બંધ રહેશે. અલબત્ત કોરાના ઈફેક્ટના પગલે શાળા કોલેજોના સંકુલોમાં વિદ્યાર્થીઓની કોલાહલ જોવા મળશે નહીં જયારે કોલેજોમાં પણ શિક્ષણ કાર્ય બંધ રહેશે. પરંતુ તમામ શિક્ષણસંકુલોમાં શિક્ષકગણની હાજરી રહેશે. રાજયના સિનેમાઘરો સ્વિમિંગ પુલ પણ બંધ રહેશે. આ ઉપરાંત શહેરમાં જાહેર સ્થળો પર થુંકવા માટે પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. એટલુ જ નહી જો કોઈ વ્યકિત આ પ્રતિબંધનો ભંગ કરશે તો રૂ ૫૦૦ નો દંડ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે. જયારે સરકારે તમામ ધાર્મિક સંસ્થાઓ સંપ્રદાયોને પોતાના મળાવડાઓ ધર્મ કાર્યક્રમો આગામી બે સપ્તાહ સુધી ના યોજવા પણ અનુરોધ કર્યો છે.